## G H Patel P G Department of Computer Science & Technology

# Sardar Patel University

## Vallabh Vidyanagar – 388120

Applications are invited for vacant seats in MCA (SFI), details are as below:

**MCA (SFI) Vacant Quota:**

| Course | Vacant Seats |
|---|---|
| MCA (SFI) | 07 |

**Admission Schedule:**

| No. | Activity | Date |
|---|---|---|
| 1 | Registration* / Document Submission / Document Verification at Department | 15/12/2020 to 19/12/2020 |
| 2 | Merit Display on Sardar Patel University Website | 22/12/2020 |
| 3 | Counseling Date | 23/12/2020<br>(10:30 AM Onwards)<br><br>**Reporting time:** 10:00 AM |

**Department Address:** G H Patel P G Department of Computer Science & Tech.,

Nr. Jain Derasar, Nana Bazar,

Vallabh Vidyanagar – 388120

Gujarat, INDIA

***Those who are not registered to ACPC, required to pay registration fees Rs. 350/-**

**Contact Number:** 02692 – 230389

- **Director**

# ACPC એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષીસ

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.


## MBA/MCA અભ્યાસક્રમો ચલાવતી અનુદાનિત (GIA)તથા સ્વનિર્ભર સંસ્થાઓ (SFI)ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોના પ્રવેશ બાબત.(પ્રવેશ વર્ષ – ૨૦૨૦-૨૧)

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની MBA/MCA અભ્યાસક્રમોની CMAT-2020 વિદ્યાર્થીઓની ઓનલાઇન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તારીખ ૧૪/૧૨/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવશે. સદર પ્રક્રિયા બાદ અનુદાનિત (GIA) તથા સ્વનિર્ભર (SFI) MBA/MCA સંસ્થાઓ ખાતે **"ખાલી રહેલી બેઠકો"** સરકારશ્રીના પ્રવર્તમાન જાહેરનામાના નિયમ-૧૮ની જોગવાઈ મુજબ ભરવામાં આવશે.

આ અનુસંધાને અનુદાનિત (GIA) તથા સ્વનિર્ભર (SFI) સંસ્થાઓમાં નોન-રિપોર્ટિંગના કારણે તથા કુલ ૦૨ (બે) ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી રહેલી તમામ બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઇટ ઉપર મુકવામાં આવશે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૨૩ જૂન તથા ૨૪ જૂન-૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવેલ અનુક્રમે MCA-MBA અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેના જાહેરનામા અનુસાર જરુરી લાયકાત ધરાવતા તથા "ખાલી રહેલી બેઠકો"માં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ તેમની પસંદગીની સંબંધિત અનુદાનિત (GIA) તથા સ્વનિર્ભર (SFI) સંસ્થાનો જાહેરાતમાં નીચે દર્શાવેલ કાર્યક્રમ અનુસાર સંપર્ક કરવાનો રહેશે. વિદ્યાર્થીઓએ તમામ જરૂરી દસ્તાવેજો અને નિયત રજીસ્ટ્રેશન ફી ₹ ૩૫૦/- (માત્ર ACPCની ONLINE Registration Fees ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે) સાથે નિયત સમય મર્યાદામાં સંબંધિત સંસ્થામાં અરજી કરવાની રહેશે.

સંબંધિત અનુદાનિત (GIA) તથા સ્વનિર્ભર (SFI) સંસ્થા MBA-MCA અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજરાત સરકારની પ્રવર્તમાન સૂચનાઓની તમામ જોગવાઈઓ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરવાની રહેશે. સંસ્થા દ્વારા ખાલી રહેલી બેઠકો માટે સરકારશ્રીના જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લિસીટી કરી સંસ્થા સ્તરે નીચે મુજબના સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે. જે તે સંસ્થાના કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થાનો સંપર્ક કરી પ્રવેશ પ્રક્રિયા પોતાના દ્વારા પૂરી કરવાની રહેશે.

મેરીટ લિસ્ટ જે તે પ્રવેશવર્ષના માન્ય CMAT/CATના સ્કોર પર અથવા સંબંધિત સંસ્થા દ્વારા જાહેર કરાયેલી આવી કોઈપણ મેરિટ યોજના આધારિત રહેશે. જે તે પ્રવેશ વર્ષના CMAT/CAT આપેલ વિદ્યાર્થીઓને અગ્રતાક્રમ આપવામાં આવશે.

ખાલી બેઠકોની વિગતો અને સંસ્થા સ્તરે બેઠકો ભરવા અંગેની માર્ગદર્શિકા પ્રવેશ સમિતિની વેબસાઇટ www.jacpcldce.ac.in પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ખાલી રહેલી બેઠકોમાં પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

| No. | Activity | Proposed Date |
|---|---|---|
| 1 | Declaration of Vacant Seats (After two ONLINE round) on Committee Website | 14/12/2020 |
| 2 | Admission on Vacant Quota | 15/12/2020 to 19/12/2020 |
| 3 | Intra-se Merti List declared by Institute on their Website | 22/12/2020 |
| 4 | Last Date for Admission on Vacant Quota | 24/12/2020 |

ખાલી બેઠકોમાં અનુદાનિત (GIA) / સ્વનિર્ભર(SFI)માં પ્રવેશના કિસ્સામાં, આ સમિતિ દ્વારા ઓનલાઈન ફાળવવામાં આવેલી સીટ માટેની પ્રવેશ રદ તથા ફી REFUND કરવાની પ્રક્રિયા MBA-MCA અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સરકારશ્રીના પ્રવર્તમાન જાહેરનામાના નિયમ-૧૭ પ્રમાણે થશે.

પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે નહીં, જેની નોંધ લેવી. આપને જે તે સંસ્થામાં પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

કુલ ૦૨ (બે) ઓનલાઈન રાઉન્ડના અંતે ખાલી બેઠકોની માહિતી સમિતિની વેબ-સાઈટ પર તાઃ ૧૪/૧૨/ ૨૦૨૦ના રોજ મુકવામાં આવશે. વધુ વિગતો અને નવીનતમ અપડેટ માટે, વિદ્યાર્થીઓને સમયાંતરે પ્રવેશ સમિતિ વેબસાઈટ www.jacpcldce.ac.inની MBA/MCA લીંક જોવા જણાવવામાં આવે છે.

તાઃ ૦૮/૧૨/૨૦૨૦ **– મેમ્બર સેક્રેટરી**

**Help Line No. : 079-26566000**